॥तमसो मा ज्योतिर्गमय॥

# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

( Accredited By NAAC : 'B'+ Grade) GSIRF : 2024 (★★★★ 4star)

વર્ષ : ૧૪ | ડિસે.-૨૪ થી ફેબ્રુ.-૨૫ | ✻ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ✻ છૂટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૭૩



✻ **તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોશી

✻ **સહ તંત્રીશ્રી :**

ડૉ. કે.આર.વણકર

પ્રો. બી.ડી.જોશી

ડૉ. ગિરીશ ચૌધરી

ડૉ. અલ્પેશ પ્રજાપતિ

ડૉ. પુનિત એચ. સુથાર

ડૉ. હિરેન ચાવડા

શ્રી રાકેશ એ. ભટ્ટ (ગ્રંથપાલ)

✻ **વિદ્યાર્થી સંપાદકો :**

મીનલ રાજ

અપેક્ષા પરમાર

આરતી રાઠોડ

જ્યોતિકા વાઘેલા

મેહુલ ઠાકોર

✻ **ફોટોગ્રાફર :**

શ્રી યશ પટેલ



✻ **પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં. : ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

**Website :**

www.petladcollege.org.in

Email : petladartsandscience@gmail.com


**તંત્રીશ્રીની કલમે....**

## ભારતની એકતા અને અખંડતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી

સરદાર વલ્લભભાઈ પટેલ કે જેઓ લોખંડી પુરુષ દરેક ભારતીયોમાં હૃદયસ્થ છે, એ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નાયક અને ભારતના ઐતિહાસિક એકીકરણના શિલ્પી હતા. તેમનો જન્મ ૩૧ ઓક્ટોબર,૧૮૭૫ ના ઐતિહાસિક દિને ગુજરાતના નડિયાદનગરમાં એક સરળ ખેડૂત પરિવારમાં થયો હતો. તેમની ધ્યેયસભર જીવનયાત્રામાં દેશની સેવા માટેનો તેમનો દઢ સંકલ્પ સદાય પ્રેરણારૂપ રહ્યો છે.

સરદાર પટેલે અભ્યાસ જીવનમાં મુશ્કેલીઓનો સામનો કર્યો હોવા છતાં કાયદાશાસ્ત્રમાં પ્રવીણતા પ્રાપ્ત કરી અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝંપલાવ્યું. મહાત્મા ગાંધીની હાકલ પર તેમણે બ્રિટિશ નોકરી ત્યજી અને તમામ સંપત્તિ દેશ માટે અર્પણ કરી. તેઓએ બારડોલી સત્યાગ્રહની આગેવાની કરીને અંગ્રેજ હકૂમત દ્વારા ખેડૂતોનું કરવામાં આવેલું શોષણ સામે મજબૂત લડત આપી, જેને લીધે તેમને ‘સરદાર’ નો ખિતાબ મળ્યો.

ભારતની સ્વંતત્રતા બાદ ૫૬૨ રજવાડાંઓને એકીકૃત કરવાનું દાયિત્વ નિભાવવાનું એક કઠિન કાર્ય હતું. સરદાર પટેલે પોતાના આગવા કૌશલ્ય, રાજનૈતિક દૃષ્ટિ અને ઉચિત તાકીદ દ્વારા હૈદરાબાદ, જૂનાગઢ અને અન્ય રજવાડાંઓને શાંતિપૂર્ણ રીતે ભારતનાં એક અભિન્ન અંગ બનાવ્યાં. તેમના આ કાર્યને લીધે આજે આપણે એક મજબૂત અને એકતાસભર ભારત જોઈ શકીએ છીએ.

તેમના જીવનમાંથી યુવાનો શીખી શકે છે કે દઢ વિશ્વાસ અને પરિશ્રમથી દરેક મુશ્કેલી પર વિજય મેળવી શકાય છે. સરદાર પટેલના સ્મરણાર્થે ૩૧ ઓક્ટોબર, તેમના જન્મદિવસને ‘રાષ્ટ્રીય એકતા દિવસ ’ તરીકે ઉજવવામાં આવે છે. વડોદરાના કેવડિયા ખાતે આવેલી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ સરદાર પટેલના દૃષ્ટિવંત જીવન અને તેમના દેશદાઝથી ભરેલા કાર્યો માટે શ્રદ્ધાંજલિ રૂપ છે.

તેમના આદર્શો આજના યુવા માટે ખૂબ પ્રેરણાદાયી છે. તેમના જીવનનો મુખ્ય સંદેશ હતો : ‘એકતા વિના પ્રગતિ શક્ય નથી અને દેશના હિત માટે વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ કરવો આવશ્યક છે. ’’

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી એ એક સ્મૃતિદિન તો છે જ, પણ આપણા સૌ માટે તેમની દૃષ્ટિમાંથી પ્રેરણા લેવાની તક પૂરી પાડે છે. આપણે અખંડ ભારતના તેમના સપનાને સાકાર કરવા માટે સંકલ્પબદ્ધ થવું જોઈએ.

‘‘ મને મારા ભારતની એકતા માટે મરણ પણ મંજૂર છે, કારણ કે તેનાથી શ્રેષ્ઠ કોઈ કાર્ય હોઈ શકે નહીં. ’’ - સરદાર વલ્લભભાઈ પટેલ

- પ્રિ. ડૉ. વિમલ જોશી

......પાન નં. ૨

# સરદાર પટેલ

દુનિયાના પહેલા ઘડવૈયા
બીજા કોઈ નહિ માત્ર આપણા સરદાર પટેલ એવા.

જેણે ગુજરાત માટે આપ્યું બલિદાન
જેમને પોતાની મહાનતાનું સહેજેય નહોતું અભિમાન



જેમણે કમાવ્યું કેટલુંય પુણ્ય
સરદાર પટેલ છે આપણા લોખંડી પુરુષ

જેમણે કાઢ્યા ખોટી માનતાઓના મતભેદ
એ જ આપણા સરદાર પટેલ.

હતા એ ગાંધીજીનો જમણો હાથ
સરદાર પટેલ છે આપણા ભારતનું માન

જે હતા નિર્મલ અને સહનશીલ
સરદાર પટેલથી મળે સાહસની સાથે સહન કરવાની શીખ

સરદાર પટેલ કેટલાંનાંય પ્રેરણા છે.
એમના વિચારોથી જ વિવિધતામાં એકતા છે.

**- વાઘેલા જયોતિકાબેન ધીરજભાઈ (રોલ નં. ૧૫૧, બી.એ.સેમ-૨)**

* * *

# સરદાર વલ્લભભાઈનું જીવન કાર્ય

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ મી ઓકટોબર ૧૮૭૫ ના રોજ નડિયાદમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને તેમની માતાનું નામ લાડબાઈ હતું. વલ્લભભાઈ બાળપણથી જ નીડર અને હિંમતવાન હતા.

વલ્લભભાઈ વકીલાતનું ભણ્યા હતા. પણ વકીલાત કરવાને બદલે તેઓ ગાંધીજી સાથે આઝાદીની લડતમાં જોડાયા હતા. તેમણે બારડોલી સત્યાગ્રહ કર્યો. એમાં તેમણે ખેડૂતોનું મહેસૂલ માફ કરાવ્યું. ત્યારથી તે 'સરદાર' કહેવાયા. દેશ આઝાદ થયો. વલ્લભભાઈ દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન બન્યા. તેમણે બધાં દેશી રાજયોને ભારતસંઘ સાથે જોડી દેવાનું કપરું કામ પાર પાડયું. આથી તે 'લોખંડી પુરુષ' કહેવાયા.

૧૯૪૭, ૧૫ મી ઓગસ્ટને દિવસે ભારત આઝાદ થયું ત્યારે હૈદરાબાદ જૂનાગઢ અને કાશ્મીર સિવાયનાં બીજા રાજયોએ ભારતમાં જોડાવા અંગે સહીઓ આપી દીધી હતી. જનાબ ઝીણાએ માઉન્ટબેટન પ્રત્યે અણગમો થાય એ સ્વાભાવિક હતું. ઝીણા તો પાકિસ્તાન સાથે ન જોડાવું હોય તેવા રાજયોને સ્વતંત્ર રાખવા પણ તૈયાર હતા. તેઓ ભારત સાથે જોડાવા ઈચ્છતાં રાજયોને ગમે તે રસ્તે પોતાનાં તરફ વાળવાનો પ્રયત્ન કરતા હતા. આમાં મુસ્લિમ રાજયકર્તાઓવાળાં રાજયો (જેવા કે હૈદરાબાદ, જૂનાગઢ અને ભોપાળ) તો હતા જ . ઉપરાંત પાકિસ્તાનની નજીક એવા જોધપુર, જેલસમેર જેવાં રાજયો પણ હતા. વાત અહીં અટકતી નથી. દેશની વચ્ચોવચ આવેલા હિન્દુ રાજયકર્તાઓ (જેવા કે ઈન્દોર અને ત્રાવણકોરના) સ્વતંત્ર રહે એવા પ્રયત્નો પણ ઝીણાસાહેબે તો કરેલા. ત્રાણવકોરના દીવાને તો પોતાનો ટ્રેડ-એજન્ટ પાકિસ્તાનમાં નીમવાની જાહેરાત પણ કરી દીધી હતી.

સદ્‌ગત મહારાજા સયાજીરાવ જેવા ઉમદા અપવાદો બાદ કરતાં દેશના ઘણાખરા મહારાજાઓ અને નવાબો અંગ્રેજોની ખુસામત કરવામાં અને એમને પણ રીતે રીઝવવામાં અંદર-અંદર હરીફાઈ કરતા હતા. જયારે પ્રિન્સ ઓફ વેલ્સ (પાછળથી આઠમા એડવડ) ભારત આવ્યા ત્યારે એક મહારાજાએ હુકમ કરેલો કે પ્રિન્સનું ચાનું પાણી રૂપિયાની ચલણી નોટો બાળીને ગરમ કરવામાં આવશે. કોલિન્સ અને લાપિયરે નોંધ્યું છે કે પ્રત્યેક મહારાજા સરેરાશ ૧૧ ખિતાબો, ૫.૮ પત્નીઓ, ૧૨.૬ બાળકો, ૯.૨ હાથીઓ, ૨.૮ ખાનગી રેલ્વે સલૂનો, ૩.૪ રોલ્સરોઈસ મોટરગાડીઓ અને ૨૨૯ વાઘોનો શિકાર કર્યાનું ગૌરવ ધરાવતા હતા. હૈદરાબાદ અને કાશ્મીર જેવાં રાજયો તો વસ્તી અને વિસ્તારમાં પશ્ચિમ યુરોપનાં કેટલાંક રાષ્ટ્રો કરતાંય મોટાં હતાં.

સરદાર પતિયાલા, વડોદરા અને બિકાનેર જેવા આગળ પડતા મહારાજાઓ અને તેમના પ્રધાનોના સંપર્કમાં હતા.વડોદરાના વી.ટી. ક્રિશ્નામાચારી પણ સરદારના ઘણા ખરા વિચારો સાથે સહમત હતા અને સરદારનો વિશ્વાસ ધરાવતા હતા. એ જ રીતે સરદારે જામ સાહેબ ઓફ નવાનગરને પણ મનાવી લીધા હતા. એકલા કાઠિયાવાડમાં જ ૨૧૭ રજવાડાં હતાં. ભારતના ઘણા રાજા-મહારાજાઓ જામસાહેબને વડીલ ગણતા અને એમને 'અંકલ' કહેતા. વર્ષો પહેલાં સરદારે ભાવનગરની મુલાકાત લીધેલી ત્યારે એમની વિરુદ્ધ જે કાવતરું થયેલું તે માટે જામસાહેબ પણ જવાબદાર હતા. એવી માન્યતા કોંગ્રેસ વર્તુળોમાં હતી. એકીકરણ અંગે રાજવીઓ સાથે જામસાહેબ પણ છૂપી મસલતો ચલાવી રહ્યા હતા એવા વાવડ સરદારને મળતા રહેતા હતા.

આવી પરિસ્થિતિમાં સરદારે જામસાહેબના ભાઈ મેજર જનરલ હિંમતસિંહજી સાથે વાત કરવાનું નક્કી કર્યુ. હિંમતસિંહજીમાં રાષ્ટ્રભાવના હતી અને વળી તેઓ સરદારના પ્રશંસક હતા, તેમણે સરદારને કહ્યું કે જામસાહેબને જીતી લેવા હોય તો મહારાણીને મનાવી લેવા પડે. સરદારે વિચાર્યું કે બંનેને એકસાથે મળવું જોઈએ. કડવો ભૂતકાળ ભૂલીને સરદારે હિંમતસિંહજી દ્વારા જામસાહેબને પોતાને ત્યાં બપોરનું ખાણું લેવાનું આમંત્રણ પાઠવ્યું. જામસાહેબ અને મહારાણી સરદારને નિવાસસ્થાને (૧ ઔરંગઝેબ રોડ, દિલ્હી) આવ્યાં ત્યારે પગથિયા સુધી જઈને સરદારે પોતાના લાક્ષણિક સ્મિત સાથે એમનું સ્વાગત કર્યું. ત્રણે જણાંએ લંબાણથી પરિસ્થિતિની સમીક્ષા કરી. સરદારની વાતોની જાદુઈ અસર થઈ. બંને વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સહકારની ખાતરી આપી. પછી તો રાજવીઓને સમજાવવામાં જામસાહેબ તરફથી ઘણી મદદ મળી. વી.પી.મેનનને પણ પછીથી જામસાહેબે જોઈતો સહકાર આપ્યો અને પોતાનું વિમાન જયારે પણ જરૂર પડી કે તરત આપ્યું. દેશના હિત આગળ સરદાર પોતાના વ્યક્તિગત અણગમા દૂર રાખીને ગમે તેવી કડવી વાતો ભૂલી જઈ, ક્ષમાવાન બની શકતા હતા. એ ખાસ નોંધવું જોઈએ.

''સરદાર કર્મનિષ્ઠ અને કાબેલ શાસક હતા.''

ગાંધીજી અને સરદાર વચ્ચેનો સઘળો પત્રવ્યવહાર સચવાયો છે અને પ્રગટ થયો છે. એ ભારે આનંદની વાત છે. સરદારને ગાંધીજીના નેતૃત્વમાં ભારોભાર શ્રદ્ધા હતી. પોતાની 'સ્ટાઈલ' જાળવી રાખીને તેમણે ગાંધીજીના આદેશોનો અમલ કર્યો. ગાંધીજીની સામાન્ય એમણે ક્યારેય ન વટાવી, ગાંધીજીના આખરી દિવસોમાં ગાંધીજીના મનમાં સરદાર અંગે કેટલીક ગેરસમજ પેદા થયેલી. કેટલાક મિત્રો જ એ માટે જવાબદાર હતા. સરદાર સત્તા છોડવા તૈયાર થયા, પણ ગાંધીજીની આમન્યા છોડવા તૈયાર ન થયા. આવા હતા સરદાર વલ્લભભાઈ પટેલ.

સ્વરાજ્ય ઘટનાના સંદર્ભમાં એટલું તો કહી શકાય કે ગાંધી, સરદાર અને નહેરુની ત્રિમૂર્તિ ઈતિહાસમાં અનેરું સ્થાન પામશે. ગાંધી દ્વારા

સ્વરાજય ઘટનાનું 'સત્યમ્' પ્રગટયું. સરદાર દ્વારા 'શિવમ્' ની રખેવાળી થઈ અને નહેરુ 'સુન્દરમ્' ના સંકેત બની રહ્યા ! સરદાર વિષેની વાતોનો અંત તો ત્યારે જ આવે જ્યારે ભારતના અસ્તિત્વનો અંત આવે !

૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ ના રોજ તેમનું અવસાન થયું. દેશના આ મહાન નેતાને હંમેશાં પ્રજાજનો યાદ કરશે.

**'' હરેક પક્ષ કો પટેલ તોલતા,**
**હરેક ભેદ કો પટેલ ખોલતા. ''**

**- ઠાકોર પ્રિયંકાબેન પ્રવીણભાઈ (રોલ નં. ૧૬૬, બી.એ.-સેમ.૬)**

* * *

# સરદાર વલ્લભભાઈ પટેલ : વ્યકિતત્વનાં પાસાંઓ

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના મહાન નેતા અને ભારતીય રાજકારણના પુનરુત્થાનકારક હતા. તેમના જીવનપ્રસ્થાનને એક દઢ ઈચ્છાશક્તિ અને અડીખમ માર્ગદર્શકના સ્વરૂપે યાદ રાખવામાં આવે છે. તેમનું જીવન સંઘર્ષોથી ભરપૂર હતું.પરંતુ તે તેમના સંકલ્પ, કુશળતા અને મહાનતાને કારણે આપણને શ્રેષ્ઠ પ્રેરણા આપે છે.

**શરૂઆતનું જીવન :-**

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓકટોબર ૧૮૭૫ ના રોજ ગુજરાત રાજયના નડિયાદ શહેરમાં થયો હતો. તેઓ એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મ્યા હતા, પરંતુ તેમના વિચારો અને જીવનની દ્દષ્ટિ ખૂબ ઊંચી હતી. બાળપણથી જ તેમણે પરિશ્રમ અને કઠોર મોખરામાં કામ કરવાની મૌલિકતા વિકસાવી હતી.

શિક્ષણ, સરદાર પટેલે નડિયાદમાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેમણે મુંબઈમાં ૧૮૯૭ માં કાનૂની ડિગ્રી પ્રાપ્ત કરી. તેમના શિક્ષણનો અભિગમ અને પોતાની મહેનતથી તેમણે એક મોટી ઓળખ ઊભી કરી હતી.

ભારતીય ઉપખંડના અગત્યના નેતાઓમાં સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ખૂબ આદરથી લેવામાં આવે છે.તેઓ એક મહાન રાજનીતિક નેતા અને સંયોજક હતા, જેમણે ભારતના એકતાના વિઝનને સાકાર કરવા માટે પોતાનું આખું જીવન સમર્પિત કર્યું. ''ભારતના લોખંડી પુરુષ'' તરીકે ઓળખાતા સરદાર પટેલનો જન્મ ૩૧ ઓકટોબર ૧૮૭૫ ના રોજ ગુજરાતના નડિયાદમાં થયો હતો.

**શ્રેષ્ઠ નેતા અને રાજકારણી :-**

સરદાર પટેલના જીવનનો મુખ્ય કિસ્સો તેમના અડીખમ ધોરણો અને કાર્યક્ષમતા માટે ઓળખાય છે. તેમણે ભારતના વિવિધ પ્રદેશોને એકત્રિત કરવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આમાં ૫૬૨ પ્રિન્સલી સ્ટેટ્સ (રજવાડાંઓ) ને ભારત સાથે જોડવામાં તેમણે કઠોર અને મક્કમ કામગીરી હાથ ધરવા, છતાં સંવેદનશીલતાને ખોવડાવ્યા વિના સફળતા પ્રાપ્ત કરી.

**સરદાર પટેલ અને ભારતની એકતા :-**

ભારતની સ્વતંત્રતા બાદ દેશના વિભાજનથી તત્કાલિક પ્રિન્સલી સ્ટેટ્સને ભારત સાથે જોડવાનું પડકારજનક કાર્ય તેમણે કરવાનું હતું. સરદાર પટેલે આ કાર્યને સુચારુ અને ઝડપી રીતે પાર પાડતા, એકતા અને સુંગતના પ્રતીક બની ગયા. તેમણે વિવિધ સજાવટો અને નાનકડા રજવાડાઓ સાથે વાટાઘાટો કરીને ભારતને એક મજબૂત સંઘના રૂપમાં સેટ કર્યો.

**વિશાળ દ્દષ્ટિ અને સમયની જરૂરિયાત :-**

સરદાર પટેલની દ્દષ્ટિ ખૂબ વ્યાપક હતી. તેમના માટે માત્ર ભારતીય રાજયની એકતા જ મહત્ત્વની નહોતી, પરંતુ રાજકીય અને સામાજિક સુધારાઓ પણ મહત્ત્વપૂર્ણ હતા. તેઓ ખેડૂતોના હક માટે લડયા અને દરેક ભારતીય નાગરિકને દરજ્જો આપવાનો પ્રયાસ કર્યો. તેમના માટે ''હિંમત અને દઢતા'' એ જીવનના મંત્ર હતા.

**મહિલા સશક્તિકરણ અને સમાજસેવા :-**

સરદાર પટેલના કાર્યક્ષેત્રમાં માત્ર રાજકીય ક્ષેત્ર નહીં પરંતુ સામાજિક કાર્ય પણ મોખરે હતું. તેમણે સમાજમાં અલગાવને દૂર કરવા, ભારતની વિભિન્ન પરંપરાઓને સમાનતા સાથે મજબૂતીથી ગઠન કરવા માટે ખૂબ શ્રેષ્ઠ પ્રયાસો કર્યા.

**નમ્ર વ્યક્તિ :-**

સરદાર પટેલ સ્વાભાવિક રીતે નમ્ર હતા. તેઓ વિશ્વસનીય નેતા હતા, તેમ છતાં તેઓ દયાળુ હતા. તેમણે પોતાના જાતીય હિતોને ત્યજીને દેશના હિતમાં કાર્ય કર્યું. આ પદવીઓ અને માનસિક શ્રેષ્ઠતાના કારણે, તેઓ નમ્રતાના પરિપ્રેક્ષ્યમાં યથામતિ માને છે.

**નિષ્કલંક અને અવિરત શ્રમ :-**

સરદાર પટેલના જીવનનો મહત્ત્વપૂર્ણ પાસા એ છે કે તેઓ સતત કામમાં વ્યસ્ત રહ્યા. તેમના માટે રાજકીય કાર્ય, સામાજિક સુધારો અને દેશના ઉત્થાન માટે અનંત પરિશ્રમની આવશ્યકતા હતી. તેમણે પોતાને આઝાદી અને દેશના રક્ષણ માટે અધ્યયન કરતાં પણ વધુ પ્રાધાન્ય આપ્યું.

**નીતિ અને સિદ્ધિ :-**

સરદાર પટેલે જે નીતિ અપનાવી, તેમાં દેશના બંધારણ માટેનો મજબૂત આધાર છે. તેમના દ્વારા કરાયેલા કામોને અને તેમના વિચારોને લોકો આજે પણ સાચવે છે.

**વકીલ તરીકેનો માર્ગ :-**

પ્રથમ તો, સરદાર પટેલે વકીલ તરીકે કાર્ય શરૂ કર્યું.તેમણે ખૂબ જ મહેનત અને કટિબદ્ધતાથી પોતાની એક મજબૂત વકીલ તરીકે ઓળખ બનાવી. તેમના કમ્પોઝ, નિર્ણય અને વ્યાવસાયિક બિંદુઓ માટે તેમને પત્રકારત્વમાં પણ ઓળખાણ મળી.

**મહાત્મા ગાંધી અને સંગઠન :-**

અંગ્રેજી વચન અને બ્રિટીશ રાજયશાહી સામે લડતા મહાત્મા ગાંધી સાથે સરદાર પટેલ જોડાયા. ૧૯૧૭માં બારડોલીની કૃષિ લડાઈ દરમિયાન તેમણે કાયદાકીય અને સામાજિક લડાઈમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. તે લડાઈ વિજયી રહી, સરદાર પટેલે ''સરદાર'' તરીકે ઓળખાવાનું શરૂ કર્યું, જે હવે એમના જીવનનું મોટું સંકેત બન્યું.

**ભારતની એકતાના સ્થાપક :-**

સરદાર પટેલનું સૌથી મહત્ત્વપૂર્ણ યોગદાન ભારતની એકતાને સુનિશ્ચિત કરવાનું હતું. સ્વતંત્રતા પછી, જે દેશ વિભાજિત હતો.તેમાં ૫૬૨ રજવાડાઓને ભારત સાથે જોડાવાની શક્યતા ઊભી હતી. સરદાર પટેલે એક નીતિ અને દઢ નિર્ણય સાથે આ રાજવાડાઓને ભારતના સંઘમાં સામેલ કરવા માટે સફળ પ્રયાસો કર્યા. તે તમામ રજવાડાઓ સાથે વાટાઘાટો કરતા, સંઘમાં ભાગીદારી માટે રાજી કરાવતા અને ભારતને એક એવો મજબૂત દેશ બનાવી દીધો.

**કાશ્મીરની વિવાદિત બાબત :-**

વિશ્વયુદ્ધ પછી, જયારે પાકિસ્તાને કાશ્મીર પર હુમલો કર્યો, ત્યારે સરદાર પટેલે ઈચ્છાશક્તિ અને દ્દષ્ટિ સાથે તેનો સામનો કર્યો. તેમણે શરત રાખી જે કાશ્મીરને ભારત સાથે જોડાવા માટે પત્ર પર સાઈન કરવાની જરૂર હતી. જેના પરિણામે ભારત અને કાશ્મીર વચ્ચે ઐતિહાસિક અનુબંધ થયો.

**રાજકીય અને સામાજિક સુધારો :-**

સરદાર પટેલે ભારતની એકતામાં માત્ર રાજકીય કાર્યો જ નહીં પરંતુ

સામાજિક અને આર્થિક સુધારાઓ પણ કર્યા. તેમણે સમાજના નમ્ર વર્ગ, ખાસ કરીને ખેડૂતો અને કાર્યકરો માટે અનેક યોજનાઓ લાગુ પાડતા, તેમના હક માટે લડવામાં મક્કમ રહ્યા.

**નમ્રતા અને આદર્શ :-**

લોકો સરદાર પટેલને એક મક્કમ, નમ્ર અને દૃઢ નેતા તરીકે યાદ રાખે છે. તેઓ સંઘર્ષના પથ પર પોતાનો માર્ગ શોધતા, પરંતુ જ્યારે પણ આવશ્યક હતું. તેમને શાંતિ અને સંવેદનશીલતા સાથે નિર્ણય લેવાનું આવડતું હતું. તેમના વ્યક્તિત્વની આ વિશિષ્ટતાઓ તેમને એક વૈશ્વિક નેતા તરીકે માન્ય બનાવતી હતી.

**અંતિમ દિવસો અને વારસો :-**

સરદાર પટેલનું ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ અવસાન થયું. તેમનું અવસાન ભારત માટે આઘાતજનક હતું. પરંતુ તેમના કાર્યો દેશ માટે અવિશ્વસનીય ઘટના બની રહે છે. ભારતના દરેક ખૂણામાં તેમના વિચારો અને કાર્યનું મહત્ત્વ અંક્તિ છે.

**નિષ્કલંક સંગઠક અને શક્તિશાળી દૃષ્ટિ :-**

સરદાર પટેલની જીવન દૃષ્ટિ એ હતી કે તેઓ હંમેશા ભારતની સખત અને મજબૂત ઐતિહાસિક ઓળખ માટે કાર્યરત રહ્યા. ''એકતા, મજબૂતી અને દૃઢતા '' એ તેમનો મંત્ર હતો. જે આજે પણ તેમના બધાં કાર્યોથી પ્રેરણા આપે છે.

સરદાર વલ્લભભાઈ પટેલનું જીવન માત્ર એક રાજકીય તરીકે જ નહીં, પરંતુ એક દૃઢ આત્મવિશ્વાસુ અને સામાજિક સુધારક તરીકે પણ પ્રેરણાદાયી છે. તેમનું જીવન દરેક વર્ગ અને પેઢીને પ્રેરણા આપે છે. અહીં તેમના જીવનના કેટલાંક મહત્ત્વપૂર્ણ પાસાંઓ પર વધારે વિગતવાર ચર્ચા કરી છે.

**સરદાર પટેલનો પ્રારંભિક સમય :-**

સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓકટોબર ૧૮૭૫ ના રોજ નડિયાદ, ગુજરાતમાં થયો. તેઓ એક મધ્યમ વર્ગના પરિવારમાં જન્મ્યા હતા. તેમના પિતા ઝવેરભાઈ પટેલ એક ખેડૂત હતા અને માતા લાડબાઈ ઘરગથ્થુ કાર્ય કરતાં હતાં. સરદાર પટેલના પરિવારની આર્થિક પરિસ્થિતિને જોતા, તેમણે પ્રથમ તો વ્યવસાયિક ક્ષેત્રમાં કામ કરવાની નિર્ણય લીધો હતો. પરંતુ તેમનું મન કાયમ વિદ્યાશાખામાં રોકાયેલું હતું. શરૂઆતમાં સરદાર પટેલને ગુજરાતી ભાષામાં અભ્યાસ પૂર્ણ કર્યો, અને પછી તેમણે કાનૂની અભ્યાસને ચાલુ રાખતાં, ૧૮૯૭ માં મુંબઈની એક કોલેજમાંથી કાનૂની ડિગ્રી મેળવવામાં સફળતા મેળવી. વકીલ તરીકે તેમણે પોતાની કારકિર્દી શરૂ કરી. તેમનો વકીલ તરીકેનો સમય પણ એટલો જ સક્ષમ હતો. અને તેમણે ન્યાયપ્રણાલી પર એક મજબૂત અસર કરી.

**મહાત્મા ગાંધી સાથે જોડાવવાનો પ્રારંભ :-**

૧૯૦૮ માં જ્યારે ગાંધીજીએ ભારતમાં સ્વતંત્રતાની લડાઈની શરૂઆત કરી, ત્યારે સરદાર પટેલ તેમની સાથે જોડાયા, આ બે મહાન આઈકોનો વચ્ચે નમ્ર અને મક્કમ દૃષ્ટિ અને નેતૃત્વ માટે સહકાર થઈ ગયો. ગાંધીજીના આંદોલન માટે સરદાર પટેલના મક્કમ સંકલ્પ, લોકપ્રિયતા અને કાર્યકુશળતાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

**બારડોલી સત્યાગ્રહ :-**

સરદાર પટેલને ગુજરાતમાં ૧૯૨૮ માં બારડોલી સત્યાગ્રહની આગેવાની આપી હતી. બારડોલી સત્યાગ્રહ અનોખો અને મહત્ત્વપૂર્ણ સત્યાગ્રહ હતો. જેમાં ખેડૂતોએ ભાડું વધારવાનો વિરોધ કર્યો હતો. આ સત્યાગ્રહે ઈતિહાસમાં પોતાનું નામ જાળવ્યું. આ સત્યાગ્રહમાં તેમનું અડીખમ નેતૃત્વ અને મહાન કુશળતાને ભારતના જનમાનસમાં માન્યતા મળી. આ સત્યાગ્રહે સરદાર પટેલને ''સરદાર'' તરીકે ખ્યાતિ અપાવી.

**સ્વતંત્રતાપૂર્વકના કાર્ય :-**

આજથી સદીઓ પહેલાં પણ, જ્યારે ભારત બ્રિટિશ સતા સામે સંઘર્ષ કરી રહ્યું હતું, ત્યારે સરદાર પટેલે સ્વતંત્રતાની લડાઈમાં એક મહત્ત્વપૂર્ણ રોલ ભજવ્યો. ૧૯૪૭ માં જ્યારે ભારતને સ્વતંત્રતા મળી, ત્યારે સરદાર પટેલના પ્રયાસો દ્વારા અનેક રજવાડાઓને ભારત સાથે જોડવા માટે તેમના સહયોગની વિશ્વભરમાં નોંધ લેવાઈ છે.

**અંતિમ દિવસો :-**

૧૫ ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ સરદાર પટેલનું અવસાન થયું. તેમના મૃત્યુ સાથે, ભારતના એકતા અને દૃષ્ટિ માટે એક આગવી શૂન્યતા રહી ગઈ. તેમનો જીવનકાળ આપણને સતત એ યાદ અપાવે છે કે આપણે શ્રેષ્ઠ નેતાઓ અને એકતા માટેના પ્રયાસોમાં કેવી રીતે કાર્યરત હોવું જોઈએ.

**નિષ્ઠા અને સમર્પણ :-**

આ બધી ગુણવતાઓ છે, જે સરદાર પટેલના જીવન અને કાર્યોને દર્શાવે છે. તેમના અમૂલ્ય યોગદાનને સંપૂર્ણ રીતે સમજવું, ભારતના ભવિષ્ય માટે શ્રેષ્ઠ માર્ગદર્શન પ્રદાન કરી શકે છે.

**- પ્રજાપતિ વૃત્તિ રાજેશભાઈ (રોલ નં. ૧૫૭, બી.એ.-સેમ.૬)**

* * *

## સરદાર વલ્લભભાઈ પટેલ અને રાજકારણ

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓકટોબર ૧૮૭૫ ના રોજ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે થયો હતો. જ્યારે તેમનું વતન ખેડા જિલ્લાના આણંદ તાલુકાનું કરમસદ ગામ હતું. પિતાશ્રી ઝવેરભાઈ અને માતા શ્રીમતી લાડબાઈ હતાં. ઝવેરભાઈ જેટલા કડક સ્વભાવના હતા એટલા જ લાડબાઈ નરમ સ્વભાવના હતા. ઝવેરભાઈ ભગવાન સ્વામિનારાયણના પરમ ભક્ત હતા. ખેડાના છ ગામમાંના કરમસદનું મુખીપણું વલ્લભભાઈના વડવાઓને મળેલું હતું. શ્રી સરદાર પટેલ તેમના માતા-પિતાના ચોથા સંતાન હતા. શ્રી સરદાર પટેલના ધર્મપત્નીનું નામ ઝવરેબા હતું. તેમનાં લગ્ન ૧૮ વર્ષની ઉંમરે થયાં હતાં. તેમના પુત્રીનું નામ મણિબેન અને પુત્રનું નામ શ્રી ડાહ્યાભાઈ હતું.

સરદાર વલ્લભભાઈ પટેલ જેને ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા અને દેશની સ્વાતંત્ર્યતા પછીના યુગના નિર્ણાયક વ્યક્તિ હતા. તેઓ વ્યવસાયે વકીલ હતા, પરંતુ તેમના દેશ અને તેમનાં લોકો પ્રત્યેના પ્રેમે તેમને રાજકારણી અને સ્વાતંત્ર્ય સેનાની બનાવ્યા.

સરદાર વલ્લભભાઈ પટેલ તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૧૭ માં કરી હતી. જ્યારે તેઓ ગુજરાત સભાના સચિવ તરીકે ચૂંટાયા હતા. જેનું લક્ષ્ય ગુજરાતના લોકોના હિતોને પ્રોત્સાહન આપવાનું હતું. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની રેન્કમાંથી ઝડપથી ઉભરી આવ્યા. જે મુખ્ય રાજકીય મત હતો જેણે બ્રિટિશ શાસન થી ભારતની સ્વતંત્રતાની લડતનું નેતૃત્વ કર્યું હતું. સરદાર વલ્લભભાઈ પટેલ મહાત્મા ગાંધીના નજીકના સહયોગી હતા અને ભારતની સ્વંતત્ર્યતા હાંસલ કરવા તેમની સાથે નજીકથી કામ કર્યું હતું. આમ, સરદાર વલ્લભાઈ પટેલ એક મહાન નેતા હતા.

ગાંધીજી સાથે પરિચય થયો અને તેઓ ગાંધીજી સાથે સ્વતંત્રતાની લડતમાં જોડ્યા. તેમણે બારડોલીના ખેડૂતો માટે અંગ્રેજ સરકાર સામે મહેસૂલ માફી માટે સત્યાગ્રહ કર્યો હતો. તેમાં અંગ્રેજ સરકારને નમવું પડ્યું હતું. સત્યાગ્રહની સફળતાને લીધે તેઓ 'સરદાર' તરીકે ઓળખાવા

લાગ્યા. આ પછી તેમણે ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ અને હિંદ છોડોમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. સ્વતંત્ર ભારતમાં ૫૬૨ દેશી રજવાડાને ભારત સંઘમાં જોડવાનું કપરું કામ પણ વલ્લભાઈએ જ કર્યું. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન બન્યા હતા.

સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરાવેલ. દેશસેવાનાં કાર્યો માટે અથાક પરિશ્રમ કર્યો. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ હૃદયરોગના હુમલામાં તેમનું અવસાન થયું. નીડરતા, અડગતા અને કુનેહ જેવા ગુણોવાળા લોખંડી પુરુષને મારા કોટિ કોટિ વંદન.

સરદાર વલ્લભભાઈ પટેલને સ્વાતંત્ર્ય સેનાની પણ ગણવામાં આવે છે. કારણ કે સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની આઝાદીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સરદાર વલ્લભાઈ પટેલે તેમના જીવનમાં ગાંધીજીને તેમના ગુરુથી ઉપર માન્યા હતા અને તેમના વિશેની દરેક વાતને ક્યારેય ઠોકી બેસાડતા ન હતા. સરદાર વલ્લભભાઈ પટેલ જેમણે આઝાદી પછી ભારતના એકીકરણ ચળવળમાં પણ યોગદાન આપ્યું હતું. અને ભારતના એકીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તે પછી ૧૯૫૦ માં સરદાર વલ્લભભાઈ પટેલની તબિયત બગડી હતી અને તેઓ હૃદયના હુમલાથી મૃત્યુ પામ્યા હતા.

સરદાર વલ્લભાઈનાં માતા લાડભાઈ ખૂબ જ ધર્મિષ્ઠ હતા. તેમ છતાં તેમની ધાર્મિકતા તેમના ઘરની જવાબદારીઓમાં દખલ દેતી ન હતી. ઝવેરભાઈ, સોમાભાઈ, નરસિંહભાઈ અને કાશીભાઈ એમ પાંચ સંતાન તેમાંથી વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ પાછળના વર્ષોમાં પ્રખ્યાત થયા હતા. વલ્લભભાઈએ ૧૮૯૭ માં ૨૨ વર્ષની ઉંમરે નડિયાદમાંથી મેટ્રિકની પરીક્ષા પૂર્ણ કરી હતી. ઘણી નાની ઉંમરેથી વલ્લભભાઈએ વિદ્યાર્થી તરીકેની ઉત્કૃષ્ટ ક્ષમતાઓ દર્શાવી હતી.

સરદાર પટેલે દેશ આઝાદ થયા પછી રજવાડાંને ભારતમાં વિલીન થવા સ્વેચ્છાએ આગળ આવવા અપીલ કરી. ભાવનગર દેશનું સૌથી પહેલું રાજ્ય હતું. જે ભારત સંઘમાં વિલીન થયું. ૧૯૩૯ માં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ એક પ્રજા પરિષદ બોલાવેલી તેમાં સરદાર પટેલે પણ ભાગ લીધો. સરદારના માનમાં સરઘસ નીકળ્યું. સરઘસ ખારગેટ પાસે પહોંચ્યું ત્યારે નગીના મસ્જિદમાંથી કેટલાકે સરદાર પર ગોળીઓ છોડી. શ્રી જાદવજીભાઈ મોદી અને શ્રી બચુભાઈ પટેલ વચ્ચે આવી ગયા. બચુભાઈને ગોળી વાગી અને શહીદ થયા. ભાવનગરના દીવાન શ્રી અનંતરાય પટણીએ તપાસના હુકમ આપ્યા. નાયબ વડાપ્રધાન તરીકે સરદાર પટેલ ઔરંગઝેબ રોડ પર નં-૧ બંગલામાં રહેવા ગયા. મોભા પ્રમાણે સરકારી ફર્નિચર વસાવવા વ્યવસ્થા કરવામાં આવી. પરંતુ સાદગીના આગ્રહી સરદાર ફર્નિચરમાં વધુ પડતો ખર્ચ કરે છે એવો આક્ષેપ ન થાય તે માટે સરદાર વલ્લભભાઈએ વધારાનું ફર્નિચર સરકારમાં પાછું મોકલી દીધું અને થોડું ફર્નિચર રાખી બંગલામાં રહેવા લાગ્યા. એક મિત્રને ખબર પડતાં તેણે પોતાના ખર્ચે ફર્નિચર મોકલવાનું કહ્યું પણ સરદારે ઈન્કાર કર્યો. છેવટે બહુ આગ્રહ કરી પોતાનું જૂનું કાઢી નાખવા જેવું ફર્નિચર સરદારની બંગલામાં મુકાવ્યું. પોતાની જરૂરિયાતો પર છૂટથી પૈસા ખરચતાં આજના પ્રધાનો સરદારનું આ વર્તન ધ્યાનમાં રાખશે ખરાં ? શહીદ થેલાં બચુભાઈની પ્રતિમા આજે પણ ખારગેટના ચોકમાં ઊભી છે.

**- ઠાકોર તેજલબેન રમેશભાઈ (રોલ નં. ૧૮૩, બી.એ.-સેમ.૬)**

* * *

# સરદાર વલ્લભભાઈ પટેલ અને દેશી રજવાડાંઓ

સરદાર વલ્લભાઈ પટેલ દેશના મહાન નેતા ગણાય છે. સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ ના રોજ એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેમણે કાયદાના પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું. અને બાદમાં લંડનથી કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યો. કાયદાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદ આવ્યા અને પોતાના પર કાયદાનો અમલ કરવાનું શરૂ કર્યું.

જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલ અમદાવાદમાં રહેતા હતા ત્યારે તેમણે ગાંધીજીનું ભાષણ સાંભળ્યું હતું અને ગાંધીજી દ્વારા બોલાયેલા શબ્દોએ તેમના જીવનને ખૂબ પ્રભાવિત કર્યું. સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના લોહપુરુષ તરીકે ઓળખાય છે. તેઓ ભારતના એકતા અને અખંડિતતાના શિલ્પી હતા. તેમના પ્રભાવી નેતૃત્વ અને અડગ સંકલ્પના કારણે ભારત એક સંયુક્ત રાષ્ટ્ર તરીકે ઊભરી આવ્યું.

સરદાર પટેલના પિતા ઝવેરભાઈ અને માતા લાડબાઈ હતા. બાળપણથી જ તેઓ બુદ્ધિશાળી ને પ્રખર ચેતનાવાળા હતા. શિક્ષણ પૂર્ણ કર્યા પછી તેમણે વકીલાત શરૂ કરી અને સફળ વકીલ તરીકે નામના મેળવી. ગાંધીજીના પ્રભાવથી પ્રભાવિત થઈ સરદાર પટેલ રાષ્ટ્રસેવામાં જોડાયા. ૧૯૨૮ બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ કરીને તેમણે બ્રિટિશ સરકાર સામે વીરતા દર્શાવી તેથી તેમને ''સરદાર'' ની ઉપાધિ મળી. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેઓએ અગત્યની ભૂમિકા ભજવી.

૧૯૪૭ માં ભારત સ્વતંત્ર બન્યું પરંતુ દેશ વિવિધ રજવાડાઓમાં વિભાજિત હતો, સરદાર પટેલે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરીને ભારતને એક સંયુક્ત રાષ્ટ્ર બનાવ્યું. આ માટે તેઓએ બુદ્ધિ, રાજનીતિ અને અડગ સંકલ્પનો ઉપયોગ કર્યો.

ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે સરદાર પટેલે રાષ્ટ્રની સુરક્ષા એડમિનિસ્ટ્રેશન અને કડક શાંતિ જાળવવા મહત્ત્વનું કામ કર્યું. ભારતીય પ્રશાસકીય સેવા (IAS) અને પોલીસ સેવા (IPS) ની રચનામાં તેમનો મોટો ફાળો હતો.

૧૫ ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ સરદાર પટેલનું અવસાન થયું. તેમનાં દેશપ્રેમ અને ત્યાગ ભારતીયો માટે પ્રેરણારૂપ છે. ગુજરાતના કેવડિયામાં તેમની યાદગીરી તરીકે ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' ઊભી કરવામાં આવી છે. જે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. સરદાર પટેલ એક અસાધારણ નેતા હતા. ભારતના એકીકરણ અને વિકાસ માટે તેમનું યોગદાન અમૂલ્ય છે. તેઓના જીવન અને કાર્યમાંથી એકતા શિસ્ત અને નિષ્ઠાની પ્રેરણા મળે છે. તેમનું નામ હંમેશાં ભારતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોથી લખાશે.

૧૯૨૮ માં બારડોલી (ગુજરાત) માં બ્રિટિશ સરકારે ખેડૂતોએ ચુકવવાના વેરામાં ૩૦% વધારો કર્યો. સરદાર પટેલે આનો કડક વિરોધ કર્યો અને અહિંસાત્મક સત્યાગ્રહ ચલાવ્યો. આ આંદોલન સફળ થયું અને ખેડૂતોનો વેરો માફ થયો આ સફળતા બાદ લોકોને તેમને 'સરદાર' ની ઉપાધિ આપી. ભારત જ્યારે ૧૯૪૭ માં સ્વતંત્ર થયું ત્યારે ૫૬૨ રજવાડાઓ અલગ હતા. કેટલાંક રજવાડાઓ પાકિસ્તાનમાં જોડાવા ઈચ્છતા હતા તો કેટલાક સ્વતંત્ર રહેવા માંગતા હતા સરદાર પટેલે આ રજવાડાઓને ભારત સાથે જોડાવા મનાવ્યા અને કાશ્મીર , હૈદરાબાદ, જૂનાગઢ જેવા મહત્ત્વના પ્રદેશોને ભારત સાથે સંલગ્ન કર્યા.

સરદાર પટેલેને તેમના દૃઢ સંકલ્પ અને શક્તિશાળી નેતૃત્વ માટે ''લોહપુરુષ'' કહેવાયા તેમને રાષ્ટ્રની એકતા માટે મહત્ત્વના નિર્ણયો લીધા. ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ તેમની ૧૪૩ મી જન્મજયંતી પર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના કેવડિયામાં ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' નું ઉદ્ઘાટન કર્યું. ૧૮૨ મીટર ઊંચી આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.

તેમના માટે રાષ્ટ્ર પ્રથમ પ્રાથમિકતા હતી તેઓ કડક નેતા હોવા છતા હંમેશાં જનતાના હિત માટે કામ કરતા. તેમના આદર્શો આજે પણ રાજકારણીઓ અને નાગરિકો માટે પ્રેરણારૂપ છે. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ તેઓનું નિધન થયું. તેમનું જીવન અને કાર્ય ભારત માટે અમૂલ્ય છે તેઓના નામે અનેક સ્થળો, યોજનાઓ અને સંસ્થાઓનું નામકરણ થયું છે.

સરદાર પટેલ એક મહાન રાજનીતિજ્ઞ, કડક વહીવટદાર અને રાષ્ટ્રપ્રેમી હતા. ભારતના એકીકરણ અને વિકાસ માટે તેમનું યોગદાન અમર રહેશે.

**- ઠાકોર નયનાબેન ગુલાબભાઈ (રોલ નં. ૧૬૫, બી.એ.-સેમ.૬)**

* * *

## સરદાર વલ્લભભાઈ પટેલનું વિરલ વ્યક્તિત્વ

સરદાર વલ્લભાઈ પટેલનો જન્મ ૩૧ મી ઓક્ટોબર, ૧૮૭૫ ના રોજ નડિયાદમાં થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને તેમની માતાનું નામ લાડબાઈ હતું.સ્વાતંત્ર્યસેનાની સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી ખેડૂત કુટુંબમાં જન્મેલ વલ્લભભાઈ બાલ્યવયથી જ નીડરતા તથા નેતાગીરીના ગુણ ધરાવતા હતા. માતા લાડબાઈની ધાર્મિકતાની તથા પિતા ઝવેરભાઈની સ્વાતંત્ર્ય પ્રીતિ અને નીતિમત્તાના સંસ્કાર પણ તેમને મળેલા હતા.બહારથી કડક પરંતુ અંદરથી કોમળ સ્વભાવનો વારસો તેમને પિતા તરફથી મળ્યો હતો.

વલ્લભભાઈએ પ્રાથમિક શિક્ષણ કરમસદમાં અને માધ્યમિક શિક્ષણ પેટલાદ અને નડિયાદની શાળાઓમાં લીધેલું. બાવીસ વર્ષની ઉંમરે તેમણે ૧૮૯૭ માં મૈટ્રિકની પરીક્ષા પસાર કરી. વિદ્યાભ્યાસ દરમિયાન તેમનામાં નેતૃત્વની સાથે સેવાનો ગુણ પણ વિકસ્યો હતો. તેમના લગ્ન અઢાર વર્ષની ઉંમરે નજીકનાં ગામનાં તેર વર્ષનાં ઝવેરબા સાથે થયેલા. તેમને પહેરામણીની પ્રથા સામે તિરસ્કાર હતો. વકીલ થવાની ઈચ્છાથી તેમણે ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી. ગોધરામાં વકીલાત શરૂ કરી ત્યારબાદ બોરસદમાં વકીલાત કરતાં મોટાભાઈ વિઠ્ઠલભાઈને તેમણે બોરસદ બોલાવી લીધા. ત્યાં વકીલાત શરૂ કરી અને વ્યવહારું જ્ઞાન, માનવસ્વભાવની પરખ તથા સાક્ષીની ઉલટતપાસ કરવાનું કુનેહથી તેમણે ફોજદારી વકીલ તરીકે સફળતા અને નામના મેળવી. ત્રણ જ વર્ષમાં તેમને ઇંગ્લેન્ડ જઈને બેરીસ્ટર થવાનો નિર્ણય કર્યો. ૧૯૦૫ ના અરસામાં વિઠ્ઠલભાઈને પણ બેરીસ્ટર થવાની ઈચ્છા થઈ. વલ્લભભાઈને તેમનું સૂચન માન્ય રાખીને તેમને પહેલાં વિલાયત જવા દીધા એટલું જ નહિ તેમનું વિલાયતનો ખર્ચ પણ પોતે ઉપાડી લીધો.

બોરસદના વસવાટ દરમિયાન મોસાળમાં પુત્રી મણીબહેનનો જન્મ એપ્રિલ ૧૯૦૩ માં તથા પુત્ર ડાહ્યાભાઈનો જન્મ નવેમ્બર ૧૯૦૫ માં થયો હતો. વિઠ્ઠલભાઈ બેરિસ્ટર થઈને ૧૯૦૮ માં ભારત પાછા ફર્યા અને મુંબઈમાં વકીલાત શરૂ કરી તેટલામાં ઝવેરબા બીમાર પડતાં વિઠ્ઠલભાઈએ તેમને સારવાર માટે મુંબઈ બોલાવી પોતાની સાથે રાખ્યા. મુંબઈના ડોકટરે ઝવેરબાનું આંતરડાનું ઓપરેશન પંદર દિવસ બાદ કરવાનું કહેતા વલ્લભભાઈ એક ખૂન કેસ ચલાવવા આણંદ ગયા, પરંતુ ડોકટરે ઝવેરબાનું ઓપરેશન તુરત જ કર્યું અને બીજે જ દિવસે તે અવસાન પામ્યાં. (૧૯૦૮). તેનો તાર વલ્લભભાઈ અદાલતમાં દલીલો કરી રહ્યા હતા ત્યારે મળ્યો, પરંતુ દલીલો પૂરી કરીને સાંજે તારના સમાચાર જાહેર કર્યાં. આ વખતે તેમની ઉંમર માત્ર ૩૩ વર્ષની હતી. તેમને બીજા લગ્ન કરવા સગાવ્હાંલાએ સમજાવ્યા.પરંતુ તેમણે માન્યું નહિ. ત્યારબાદ વિઠ્ઠલભાઈનાં પત્ની દિવાળીબેન બીમાર થતાં વલ્લભભાઈએ તેમને બોરસદ બોલાવી તેમની સારવાર કરી, પરંતુ તેમનું પણ ૧૯૧૦ ની શરૂઆતમાં અવસાન થયું. આ બનાવો બંને ભાઈઓના અતૂટ સ્નેહનાં ઉદાહરણો છે. તેમના રહેઠાણથી મિડલ ટેમ્પલનું પુસ્તકાલય આશરે પંદર કિમી દૂર હતું.વલ્લભભાઈ દરરોજ સવારે નવ વાગ્યે ચાલતા ત્યાં પહોંચતા અને સાંજે છ વાગ્યા સુધી ત્યાં જ વાંચતા. બપોરનું ખાણું પણ ત્યાં જ લેતાં. સાંજે ચાલતા પાછા રહેઠાણે આવતા.આમ અઢી વર્ષ સુધી રોજ દસ કલાક સુધી વાંચીને તેમણે ઉત્તમ પરિણામ મેળવ્યું.

વલ્લભભાઈએ લોકશિક્ષણ મંડળ સ્થાપીને રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો. તેને માટે માતબર ભંડોળ એકઠું કર્યું. મંડળની ૪૩ શાળાઓમાં ૮,૪૦૦ વિદ્યાર્થીઓ જોડાયા. જ્યારે સરકાર સંચાલિત ૫૩ શાળોમાં ફક્ત ૨,૦૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વલ્લભભાઈએ રાષ્ટ્રીય શાળાઓ મારફત વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવનાનું સિંચન કર્યું. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના વિકસે તેવો સરકારને ભય લગતાં તેણે ૧૯૨૨ માં સુધરાઈને શાળાઓ સોંપી દીધી.

ગાંધીજી ૧૯૧૫ ના પ્રારંભમાં દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા ત્યારે સત્યાગ્રહી નેતા તરીકે સર્વત્ર આવકાર પામ્યા હતા. શરૂઆતમાં વલ્લભભાઈ ગાંધીજીથી પ્રભાવિત થયા ન હતા, પરંતુ એપ્રિલ-૧૯૧૭ માં જિલ્લા મેજિસ્ટ્રેટે ચંપારણમાંથી હદપારીના આપેલ હુકમનો ગાંધીજીએ અનાદર કર્યો અને તેમના પર કેસ ચાલતાં તેમણે અદાલતમાં જે ગૌરવયુક્ત નિવેદન કર્યું તે વર્તમાનપત્રોમાં વાંચીને સરદારને ગાંધીજીના વિરલ વ્યક્તિની પ્રતીતિ થઈ અને તેઓ તેમના અનુયાયી બન્યા.

ગાંધીજીએ લખ્યું કે આ લડતમાં પોતાને વલ્લભભાઈ જેવા કુશળ સેનાપતિ મળ્યા ન હોત તો જે કામ થયું છે તે ન જ થાત. આ લડત શરૂ કરવામાં ખેડા જિલ્લાના સ્થાનિક આગેવાનો, કઠલાલના મોહનલાલ કામેશ્વર પંડ્યા તથા શંકરલાલ દ્વારકાદાસ પરીખનો ફાળો મહત્ત્વનો હતો.

તેમની પ્રેરણાથી રવિશંકર મહારાજ તથા મોહનલાલ પંડ્યાએ પાટણવાડિયા તથા બારૈયા કોમમાંથી ચોરી, લૂંટફાટ કરવાની ગુનાહિત પ્રવૃત્તિ નાબૂદ કરવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા, જેને પરિણામે આ કોમો આત્મશુદ્ધિને માર્ગે આગળ વધી.

સરદારના લડત દરમિયાનના વેધક ભાષણોએ લોકો પર જાદુઈ અસર કરી. તપાસ સમિતિએ માત્ર ૫.૭% નો વધારો સૂચવ્યો, જે સરકાર તથા સરદાર બંનેએ માન્ય રાખતાં આઠ માસથી ચાલતા સત્યાગ્રહનો વિધિસર અંત આવ્યો, સફળ રીતે સત્યાગ્રહની નેતાગીરી કરવા બદલ વલ્લભભાઈને લોકોએ 'સરદાર' નું બિરુદ આપ્યું. લડતના યજ્ઞમાં ખેડૂતોની અખૂટ સહનશક્તિ તથા તેમના સાથીઓની નિષ્ઠાભરી વફાદારીનો ફાળો સ્પષ્ટ હતો.

૧૯૩૮ તથા ૧૯૩૯ નાં વર્ષો દેશી રાજ્યોમાં પ્રજામંડળોની સ્થાપના તથા તેમના દ્વારા થયેલી લોકલડતો માટે ઈતિહાસમાં મહત્ત્વના વર્ષો કહી શકાય. કાશ્મીર, જયપુર, અલવર, હૈદરાબાદ, ત્રાવણકોર અને સૌરાષ્ટ્રમાં રાજકોટ તથા લીંબડીની લોકલડતમાં સરદારે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે માર્ગદર્શન આપેલું.સરકાર દ્વારા સત્યાગ્રહીઓ પર ભયંકર દમન ગુજારવામાં આવ્યું. કારાવાસના કેદીઓ પ્રત્યે પણ અમાનવીય વ્યવહાર કરવામાં આવ્યું. આની પાછળ વીરવાળાનો દોરીસંચાર હતો. ગાંધીજીને આની જાણ થતાં તેમણે કસ્તુરબાને તથા સરદારે મણિબહેનને સત્યાગ્રહમાં ભાગ લેવા રાજકોટ મોકલ્યા. તેમને બંનેને મુદુલાબેન સારાભાઈ સાથે ત્રંબામાં નજરકેદ રાખવામાં આવ્યા.

**- રબારી પૂજા ભગવાનભાઈ (રોલ નં. ૧૪૪, બી.એ.-સેમ.૬)**

* * *



N.S.S. ગ્રામ શિબિર, સુંદરણા - ૨૦૨૪-૨૫



CEP ટ્રેનિંગ પ્રોગ્રામ



ઉદ્યોગ સાહસિકતા તાલીમ, વિદ્યાનગર



મોક બજેટ : ૨૦૨૪-૨૫, અર્થશાસ્ત્ર વિભાગ



પ્રજાસત્તાક પર્વની ઉજવણી



CPEX સ્ટેટ લેવલ કોમ્પિટીશનમાં સહભાગિતા




જુડો ચેમ્પિયનશીપ, રનર્સઅપ, ભોપાલ



નેશનલ ઈન્ટ્રીગ્રેશન કેમ્પમાં સહભાગિતા (N.S.S. આંધ્રપ્રદેશ)



સાઈબર રક્ષા નાટ્યોત્સવમાં સહભાગિતા, વિદ્યાનગર




UPL સારસ કન્વર્ઝેશન પ્રોજેક્ટ, પરિએજની મુલાકાત



ડૉ. ગુણવંત વ્યાસનું અતિથિ વ્યાખ્યાન, ગુજરાતી વિભાગ




ડૉ. ઈલાબેન મેકવાનનું અતિથિ વ્યાખ્યાન, સમાજશાસ્ત્ર વિભાગ

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' એ વિદ્યાર્થીઓનાં જોમ અને ઉત્સાહ-શક્તિ દ્વારા સમાજમાં ઊંચા શિખરો સર કરી તેમનાં સ્પંદનોને સ્પર્શ કરતા ત્રિમાસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. અંકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે કે વિચાર્યું છે તેને તેઓએ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે. આ 'ઉત્થાન' મેગેઝિન દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે અથવા Email ID-petladartsandscience@gmail.com મારફતે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter) BOOK POST

To ______________________

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬, મો. ૬૩૫૪૪ ૫૮૨૮૧